# રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

-: અખબારી યાદી:-

## લક્ષ્મીનગર નાલા ખાતે નિર્માણ પામી રહેલા અન્ડરબ્રિજની મુલાકાત કરતા મ્યુનિ. કમિશનરશ્રી અમિત અરોરા

### લક્ષ્મીનગરને લાગુ અપ્રોચ રોડ ડેવલપ કરવા અને કામગીરી ઝડપથી પૂર્ણ કરવા સુચના આપતા મ્યુનિ. કમિશનરશ્રી

તારીખ: ૧૪-૦૭-૨૦૨૧







શહેરના મધ્યમાં અને ખુબ જ અવર-જવર રહેતી હોય છે તેવા લક્ષ્મીનગર નાલા ખાતે અન્ડરબ્રિજ બનાવવાની કામગીરી ચાલી રહી છે. ચાલુ પ્રોજેક્ટની કામગીરી ઝડપથી અને સમય મર્યાદામાં પૂર્ણ કરી શકાય તેના પર ભાર મૂકી રહેલા મ્યુનિ. કમિશનરશ્રી અમિત અરોરાએ આજે તા. ૧૪-૦૭-૨૦૨૧ના રોજ લક્ષ્મીનગર નાલા ખાતે નિર્માણ પામી રહેલા અન્ડરબ્રિજની મુલાકાત કરી હતી.

આ મુલાકાત દરમ્યાન મ્યુનિ. કમિશનરશ્રીએ લક્ષ્મીનગરને લાગુ અપ્રોચ રોડ ડેવલપ કરવા સંબધિત અધિકારીને અને કામગીરી ઝડપથી પૂર્ણ કરવા રેલવેની એજન્સી જય જવાન જય કિશાન કન્સ્ટ્રકશનને પણ સુચના આપી હતી.

મ્યુનિ. કમિશનરશ્રી સાથે નાયબ મ્યુનિ. કમિશનરશ્રી એ.આર.સિંહ અને શ્રી સી. કે. નંદાણી, રેલ્વેના સીનીયર એન્જી. શ્રી રાજકુમાર, પી.એ. (ટેક) ટુ કમિશનરશ્રી રસિક રૈયાણી, સિટી એન્જી. શ્રી એચ. એમ. કોટક અને સિટી એન્જી. શ્રી કે. એસ. ગોહેલ તથા જય જવાન જય કિશાન કન્સ્ટ્રકશનના પ્રતિનિધિ ઉપસ્થિત રહ્યા હતા.

(જન સંપર્ક અધિકારી)
રાજકોટ મહાનગરપાલિકા